વડીલોને વંદન અભિનંદન

આજેજન્મદિવસ

નલિનીબેન હરેશભાઈ ભટ્ટ
(૧૯૪૪) ફોન. ૨૩૨૨૩૨૨૦

ગુણવંતરાય મગનલાલ જોશી
(૧૯૪૦) ફોન. ૨૩૨૨૨૯૦૪

નવી પદ્ધતિ હેઠળ પાંચ લાખ ઈંટોના ઉત્પાદન પર નાના ઈંટ ઉત્પાદકોને રૉયલ્ટી ભરવામાંથી સંપૂર્ણ મુક્તિ

ગાંધીનગર, તા. ૮

રાજયના ખાણ-ખનિજ વિભાગના રાજય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજય સરકારે નાના ઈંટ ઉત્પાદકોના વિશાળ હિતને ધ્યાને લઈ રોયલ્ટી વસૂલવાની પધ્ધતિમાં ફેરફાર કરી નાના ઉત્પાદકોને ઈંટ ઉપર લેવાતી રોયલ્ટીમાંથી માફી આપવાનો નિર્ણય કર્યો છે. તદનુસાર પાંચ લાખ ઈંટ પકવતા તમામ ઈંટ ઉત્પાદકોને રોયલ્ટી ભરવામાંથી મુક્તિ મળશે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજયના ઈંટ ઉત્પાદકો વિશાળ માત્રામાં રોજગારીની તકો ઉભી કરે છે. ઈંટ ઉત્પાદકો ધ્વારા ઈંટો બનાવવા માટે ઈંટ-માટીનો ઉપયોગ કરવામાં આવે છે અને તે પેટે રાજય સરકારને એડવાન્સ રોયલ્ટી ભરપાઈ કરવામાં આવે છે. અગાઉ રાજય સરકારે ઈંટો ઉપરની રોયલ્ટી પ્રતિ લાખ ઈંટના ઉત્પાદન ઉપર રૂા.૩૬૦૦/- વસુલવાનું ઠરાવેલ હતું. નાના-મોટા ઈંટભઠ્ઠા અને નિભાડાથી ઈંટો પકવતા રાજયના ઈંટ ઉત્પાદકોને હિસાબો રાખવામાં અને રોયલ્ટીની ગણતરી કરવામાં પડતી તકલીફોની રાજય સરકાર સમક્ષ રજુઆત થતાં રાજય સરકારે નાનાં ઈંટ ઉત્પાદકોના વિશાળ હિતમાં ઈંટો ઉપરની પ્રતિ લાખ ઈંટના ઉત્પાદન ઉપર રૂા.૩૬૦૦/- પ્રમાણેની રોયલ્ટી વસુલવાને બદલે રોયલ્ટી વસુલવાની પધ્ધતિમાં ઉચ્ચક પ્રથા દાખલ કરીને તેમજ સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી રોયલ્ટીમાં ઘટાડો કરી રોયલ્ટી ભરવામાં સરળ પધ્ધતિ દાખલ કરવાનો નિર્ણય કરેલ છે. નવી પધ્ધતિ હેઠળ પાંચ લાખ ઈંટ ઉત્પાદન સુધીના ચીમનીભઠ્ઠા અને હાથભઠ્ઠા/નિંભાડાથી ઈંટો પકવતા તમામ ઈંટ ઉત્પાદકોને રોયલ્ટી ભરવામાથી મુકિત આપવામાં આવેલ છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, તાજેતરમાં કોલસો, લીગ્નાઈટ જેવા બળતણના વધતા જતા ભાવોને ધ્યાનમાં લઈને તેમજ નાના-મોટા ઈંટભઠ્ઠા અને નિંભાડાથી ઈંટો પકવતા રાજયના ઈંટ ઉત્પાદકો પ્રત્યે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી રોયલ્ટી ભરવામાં સરળ પધ્ધતિ દાખલ કરવાનો નિર્ણય કર્યો છે. નવી પધ્ધતિ હેઠળ પાંચ લાખ ઈંટ ઉત્પાદન સુધીના ચીમનીભઠ્ઠા અને હાથભઠ્ઠા /નિંભાડાથી ઈંટો પકવતા તમામ ઈંટ ઉત્પાદકોને રોયલ્ટી ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે. જયારે પાંચથી દશ લાખ ઈંટો પકવતા ચીમની ભઠ્ઠા ધારકોએ રૂા.૨૫૦૦૦/- અને હાથભઠ્ઠા /નિંભાડાથી ઈંટો પકવતા ઉત્પાદકોએ રૂ.૧૦૦૦૦/-અને ૧૦ થી ૧૫ લાખ નંગ ઈંટો પકવતા ચીમની ભઠ્ઠા ધારકોએ રૂા.૩૦૦૦૦/- અને હાથભઠ્ઠા ધારકોએ રૂા.૨૦૦૦૦/- જયારે ૧૫થી ૩૦ લાખ ઈંટોનું ઉત્પાદન કરતા ચીમનીભઠ્ઠા ધારકો અને નાના હાથભઠ્ઠા ધારકોએ રૂા.૪૦૦૦૦/- તેમજ ૩૦ લાખથી વધુ ઈંટ ઉત્પાદન કરતા ભઠ્ઠા ધારકો અને હાથભઠ્ઠા ધારકોએ રૂા.૬૫૦૦૦/- ની મહત્તમ રોયલ્ટી ભરપાઈ કરવાની રહેશે. મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ નવી પધ્ધતિ અન્દરો અમલમાં આવવાથી રાજયના નાના હાથભઠ્ઠા અને નિંભાડાથી ઈંટો પકવતા ઉત્પાદકો તેમજ ચીમનીભઠ્ઠા ધરાવતા ઈંટ ઉત્પાદકોને તેમના ધંધા રોજગારમાં સરળતા થશે તેમજ આર્થિક રીતે ખુબ મોટી મદદ અને રોયલ્ટી ગણતરીમાં સરળતા રહેશે.

સ્ટેચ્યુ ઑફ યુનિટી માટે મુંબઈના જૈન કચ્છી સમાજનો રૂ. ૫૧ લાખનો ફાળો

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આજે કચ્છ જિલ્લા ભાજપા પ્રમુખ અને ધારાસભ્યશ્રી જયંતિભાઈ ભાનુશાલીના નેતૃત્વમાં મળેલા સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના સભ્યો-પદાધિકારીઓએ સરદાર સરોવર બંધના સ્થળે કેવડીયા ખાતે આકાર પામી રહેલી સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટિ નિર્માણમાં પોતાના સ્વૈચ્છિક યોગદાનના રૂ. ૫૧ લાખના ચેક અર્પણ કર્યા હતા.

ભૂકંપ બાદ પૂનઃનિર્માણ પામેલા કચ્છ જિલ્લાના રાપરના મૂળ સુવઈ ગામના મુંબઈસ્થિત જૈન સમાજના શ્રેષ્ઠીઓના આ પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રીશ્રીનું કુલ ૫૧ લાખ રૂપિયાના ચેક અર્પણ કરી, સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાના પ્રતિક સમી વિશ્વની સૌથી ચી પ્રતિમાના નિર્માણની સંકલ્પબધ્ધતા માટે શાલ ઓઢાડી સ્મૃતિચિન્હ અર્પણ કરી અભિવાદન પણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના પ્રેરક યોગદાન માટે સભ્યો અને પદાધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

લેઉવા પાટીદાર સમાજના યુવક-યુવતીઓનો વેવિશાળ પસંદગી સમારંભ સંપન્ન થયો

અમદાવાદ, તા. ૮

વૈચારીક અભિયાન દ્વારા જન-જાગૃતીનું કામ કરતી સંસ્થા લોકસેવા ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં જ વિકલાંગો માટે પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની સફળતાના પગલે ગુજરાતના લેઉવા પાટીદાર સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓનો વેવિશાળ પસંદગી સમારંભ ગત તા. ૨૯-૪-૨૦૧૨નાં રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો હતો. અને આ પસંદગી સમારંભમાં અંદાજીત ૩૩૦ જેટલા યુવક-યુવતીઓએ ઉમેદવારી નોંધાવી હાજરી આપી હતી.

વેવિશાળ પસંદગી સમારંભના સંયોજક શ્રી મનુભાઈ વિરાણી તથા લોકસેવા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ભીમજીભાઈ નાકરાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે વેવિશાળ પસંદગી સમારંભનું આ ક્રાંતિકારી પગલું આજથી ૨૦ વર્ષ પહેલા સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનાં ઉપક્રમે લેવામાં આવ્યું હતું અને આ પછી ગુજરાતની તમામ જ્ઞાતીઓમાં આજે પસંદગી સમારંભ યોજાતા થયા છે. આ સમારંભ યોજવા પાછળનો મુળ હેતુ એ છે કે સમાજમાં આજે વેવિશાળની વિટંબણા વધી રહી છે અને દિકરા-દીકરીઓ પાછળનો મુળ હેતુ એ છે કે સમાજમાં આજે વેવિશાળની વિટંબણા વધી રહી છે અને દિકરા-દીકરીઓ માટે યોગ્ય પાત્રો શોધવાનું કામ અઘરૂ બનતું જાય છે આવી સ્થિતિમાં દરેક દિકરા-દીકરીઓને પસંદગીની વિશાળ તક મળે અને સમય અને ખર્ચમાં બચત થાય તે માટે આ પસંદગી સમારંભનું આયોજન દર ૩ વર્ષે કરવામાં આવે છે.

જાણીતા બિલ્ડર શ્રી ધરમશીભાઈ મોરડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ પસંદગી સમારંભમાં ધારાસભ્ય અને સમાજ અગ્રણી શ્રી વલ્લભભાઈ કાકડીયા, અગ્રણી દાતા શ્રી રવજીભાઈ વસાણી અને સુરતના ઉદ્યોગપતિ શ્રી વલ્લભભાઈ સવાણીને સમાજ ગૌરવ સન્માનથી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજકોટના ઉદ્યોગતિ શ્રી વિઠ્ઠલભાઈ ઈંડુકે આ કાર્યને પ્રોત્સાહીત કરવા માટે આર્થિક મદદની ખાત્રી આપી હતી. આ ઉપરાંત શ્રી કુંવરજીભાઈ પટેલ, શ્રી ગગજીભાઈ સુતરીયા, શ્રી એન.પી. પટેલ, શ્રી બીપીનભાઈ પટેલ, શ્રી અરવીંદભાઈ શેલડીયા, શ્રી લક્ષ્મણભાઈ વેકરીયા, શ્રી ગોરધનભાઈ કથીરાયા, શ્રી શંકરભાઈ પટેલ, શ્રી જીગ્નેશભાઈ પટેલ અને શ્રી ચંદુભાઈ અકબરી જેવા મહાનુભાવો ઉપસ્થિત રહી આ કાર્યક્રમને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. કાર્યક્રમનું સુંદર સંચાલન બદલ નિર્મિતા નાકરાણીને સૌએ અભિનંદન આપ્યા હતા.

દહેજમાં વધુ એક આંતરરાષ્ટ્રીય કંપનીનો પ્રોજેક્ટ

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મૂલાકાતે આવેલી આંતરરાષ્ટ્રીય કંપની મે. હોલિંગ્સવર્થ એન્ડ વોઝ ગ્રુપ (M/s HoLLINGSWORTH AND VOSE GROUP) ના ગ્લોબલ સી.ઈ.ઓ. શ્રીયુત વાલ હોલિંગ્સવર્થે દહેજમાં તેમના ઓટો સેકટરમાં ફિલ્ટર મેન્યુફેકચરીંગનો પ્લાન્ટ સ્થાપવા અંગેની ભૂમિકા આપી હતી.

ઓટોમોબાઈલ્સ એન્જીનિયરીંગ અને મેન્યુફેકચરીંગ હબ બની રહેલા ગુજરાત ઉપર પસંદગી કરીને આ હોલીંગ્સવર્થ એન્ડ વોઝ કંપની ઓટોમોબાઈલ્સ ફીલ્ટરના મેન્યુફેકચરીંગનો ભારતનો સૌથી મોટો પ્લાન્ટ સ્થાપી રહી છે જે ૨૦૧૩ સુધીમાં કાર્યરત થઈ જશે. આ પ્રોજેકટમાં પ્રથમ તબકકે ૩૦ મિલીયન ડોલર્સનું રોકાણ કંપની કરશે.

શામળાજી ખાતે ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ગાઈડ બનવાના સ્ટોન કાર્વિંગ ટ્રેનીંગ અભ્યાસક્રમ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૮

ગુજરાતના પવિત્ર યાત્રાધામ શામળાજી મંદિર અને તેની આસપાસના વિસ્તારનો વિકાસ કરવામાં આવનાર છે ત્યારે શામળાજી ખાતે આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ગાઈડ બનવાના તેમજ સ્ટોન કાર્વિંગ ટ્રેનીંગ અભ્યાસક્રમો શરૂ કરવાની સક્રિય વિચારણા રાજય સરકારે હાથ ધરી છે.

પ્રવાસન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ ઉચ્ચ અધિકારીઓની મળેલી એક બેઠકમાં પ્રવાસન વિભાગ દ્વારા શામળાજી મંદિર અને તેની આસપાસના વિકાસ માટે તૈયાર કરવામાં આવેલ વિકાસ પ્લાનનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું.

આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ બેઠકમાં ઉપસ્થિત અન્ય વિભાગોના વડાઓએ પોતાના મંતવ્યો અને અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા. જેમાં આયોજન વિભાગના અધિક મુખ્ય સચિવે એવું જણાવ્યું હતું કે શામળાજી મંદિરની નજીકમાં જ દેવની મોરી હરિશચંદ્રની ચોરી વગેરે જેવા ઐતિહાસિક મહત્વ ધરાવતા જોવાલાયક સ્થળો આવેલ છે તેનો આ પ્રોજેક્ટમાં સમાવેશ કરવાનું સૂચન કરતાં પ્રવાસન વિભાગે એવું જણાવ્યું હતું કે દેવની મોરીનો આ પ્રોજેક્ટમાં સમાવેશ કરી દેવામાં આવ્યો છે જ્યારે હરિશચંદ્ર ચોરીનો આ પ્રોજેક્ટમાં સમાવેશ કરવા વિચારણા કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત શામળાજી મંદિરની નજીકમાં ઉત્કૃષ્ટ શિલ્પકૃતિના નમુના સંગ્રહવામાં આવ્યા છે તેનું એક મ્યુઝિયમ પણ આવેલું છે. આ મ્યુઝિયમનો આ પ્રોજેક્ટમાં સમાવેશ કરવાનું સૂચન કરવામાં આવતા રમતગમત અને યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ અને પ્રવાસન વિભાગના અગ્ર સચિવે એવું જણાવ્યું હતું કે આ અંગે વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવાશે.

પાણી પુરવઠા વિભાગના અગ્રસચિવે એવું સુચન કર્યું હતું કે મંદિરના બાંધકામમાં દેવી દેવતાઓને સુસંગત પથ્થર વપરાય તે શાસ્ત્રની રીતે જરૂરી છે. તેમણે એવો પણ દાખલો આપતા જણાવ્યું હતું કે અંબાજી માતાના મંદિરમાં આરસ પહાણનો ઉપયોગ થયો છે તે સુસંગત છે પરંતુ શામળાજી મંદિર કે જે વિષ્ણુ ભગવાનનું મંદિર છે તેમાં રફ સ્ટોન વપરાય તે યોગ્ય છે આ માટે તારંગા હિલ ટેમ્પલની એક વખત મુલાકાત લઈને તે અંગે વિચારણા કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું.

શામળાજી રર્બન વિલેજ તરીકે ડેઝીગ્નેટ થયેલ હોઈ આ પ્રોજેક્ટ અંતર્ગત પાણી ડ્રેનેજ વિગેરે બાબતનું આયોજન થઈ શકશે. આ ઉપરાંત આ પ્રોજેક્ટની સલામતી માટે પોલીસ પોઈન્ટની જોગવાઈ કરવા તેમજ સીસી ટીવી મુકવાનું સૂચન પણ આ બેઠકમાં કરવામાં આવ્યું હતું.

શામળાજી ખાતે આવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ગાઈડ બનવાના અને સ્ટોન કાર્વિંગ ટ્રેનીંગના અભ્યાસક્રમો શરૂ કરવા માટેની એક દરખાસ્ત તૈયાર કરીને શ્રમ અને રોજગાર વિભાગને મોકલવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

શબ્દાવલી - ૪૭૨૪

૧		૨	૩	■	૪	૫	૬
	■	૭		૮	■	૯	
૧૦			■	૧૧	૧૨	■	
	■		■	૧૩		૧૪	
■	૧૫	■	૧૬	■	૧૭		■
૧૮				■	૧૯		■
૨૦		■	૨૧	૨૨		■	૨૩
૨૪		■	■		■	૨૫	

આડી ચાવી

૧. જેમાં માલ ભર્યો હોય તે ખાલી બાંધણ કે પાત્ર (૪)
૪. મશ્કરી, ટીખળ (૩)
૭. ભૂંજેલા ચણાના ફાડીયા (૩)
૯. રોક, થોભ (૨)
૧૦. સાદાઇ (૩)
૧૧. મિત્ર, ભાઈબંધ (૨)
૧૩. ભુરા રંગની ગાય જેવું વન્ય પ્રાણી (૪)
૧૭. .... ભગત, ઠગ ભગત (૨)
૧૮. આંગડીયા દ્વારા કોઈ વસ્તુ મોકલીએ તેને.... કર્યું કહેવાય (૪)
૧૯. લીંપણ (૨)
૨૦. ખીલ્યા વગરનું ફુલ (૨)
૨૧. નહીંતર (૩)
૨૪. માટલામાંથી પાણી કાઢવાનું પાત્ર (૨)
૨૫. દાદર, દાદરો (૨)

ઊભી ચાવી

૧. બારણાનું ચોકઠું (૪)
૨. જબરાઇ (૪)
૩. પવાલી, ટાંકી (૨)
૫. જાહેર ખબરને ટૂંકમાં.... કહેવાય (૨)
૬. મોહક, સુંદર (૪)
૮. રાત્રિ, નિશા (૩)
૧૨. ઇચ્છુક, તીવ્ર ઇચ્છા (૫)
૧૪. બેડુ, ઘડો (૩)
૧૫. આગળો, બારણુ વાખવાની કડી (૪)
૧૬. કયારની, કેહુની (૩)
૧૮. આંકડીયો, આંક (૩)
૨૨. દેવું (૨)
૨૩. સીગારેટ, ચીરુટ (૨)

શબ્દાવલી ૪૭૨૩ના જવાબ

આડી ચાવી :- (૧) તબેલો (૩) જપતપ (૬) જખમેરૂ (૮) ડંકી (૧૦) ચલો (૧૧) લતા (૧૨) ચીર (૧૩) પ્રતાપ (૧૪) ણચાટ (૧૬) પંડ (૧૮) નાચવું (૧૯) જચવું (૨૨) નડ (૨૩) બોગનવેલ

ઊભી ચાવી :- (૧) તફડંચી (૨) લોજ (૩) જમેલો (૪) પરૂ (૫) પરીતાપ (૭) ખચકાટ (૯) કિરણ (૧૧) લતાડવું (૧૩) પ્રપંચ (૧૫) ચાળવુ (૧૭) ખંજન (૨૦) ચડ (૨૧) શૂલ

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

વિજ્ઞાન, અભિનય, નૃત્ય, ચિત્રકલા, રમત, કાફટ, યોગ જેવાં રેગ્યુલર પ્રવૃત્તિની બદલે કંઈક નવું જ કરી શકાય. ચાલતાં ચાલતાં ગામની મુલાકાત કરાવો. ગ્રામ્ય જીવનમાં જીવતાં લોકોના વાતાવરણ, ત્યાંની રોજબરોજની બોલી - વસ્તુઓથી એમને માહિતગાર કરો, ખેતર અને ખેતીનાં સાધનો બતાવો, ગામનો ઈતિહાસ, શાળા, ફૂવો, વડ, બોર, પાદરનું વાતાવરણ, ડુંગર, ઝરણાં, વન્યજીવો બતાવો ખૂબ જ અલગ લાગશે... ગ્રામ્ય જીવનની વિઝીટનો વૃત્તાંત લખાવો.

વેકેશનમાં ઘર સાફ સફાઈ બાળો જોડે કરાવો... સૌથી સરસ વસ્તુએ કરાવી શકતી હોય તો રિપેરીંગ કામ શીખવાડો. ઘરમાં લાઈટ, રેડિયો, મિક્ષર, સાયકલ પંકચર, સ્પેર વ્હીલ બદલવાનું, નાની મોટી ખીલીઓ મારવાનું, નળ બદવાનું, ટાંકી સાફ કરવાનું, ગાર્ડનને પાણી આપવાનું, આંગણું વાળવાનું જેવા કામો શિખવાડવાથી એને પોતાનાં ઘર પ્રત્યે માયા બંધાશે. એણે વસ્તુ જાતે રિપેર કે સાફ કરી હશે તો જાળવણી એ આપોઆપ કરશે...

ગૂગલના ઉપયોગ વગર માહિતી શોધવાનું કામ આપો. એકાદ વિષય કે સર્વે કરવા આપો અને એ માટે લાયબ્રેરી કે લોકોને મળીને એની માહિતી મેળવવા તૈયાર કરો. તમારી માતૃભાષાનું જ્ઞાન આપો. એકાદ વિષય પર લખવા કે બોલવાની તૈયારી કરાવો. પણ ઈન્ટરનેટનાં ઉપયોગ વગર, એની સંશોધનની કલા આપોઆપ ખીલી ઉઠશે. બાળકોમાં જાગૃતતાં લાવવા અંધશ્રધ્ધા, સ્ત્રી-પુરૂષ સમાનતા, ધર્મ, નાત-જાત માટે બાળકોનાં મગજમાં ઘુમરાતી વાતોને યોગ્ય દિશા મળે એવી શિબિરોની તો ખાસ જરૂર છે... કુંભાર, મોચી, ખેડૂત, વણકર, દરજી જેવી પારંપરીક જાતો પાસેથી એમની કલા શીખી નાતજાતનો ભેદ દૂર કરવા માટેનું જ્ઞાન આવશ્ય આપો... કંઈક એવું જ વિચારો જે અન્યનાં મગજમાં અને ટીવી - છાપામાંના આવતું હોય એવી શિબિરનું આયોજન કરો.

ચૂંટલો :

આખું વર્ષ ભણતરનાં ભાર નીચે મા-બાપની સૂચનાથી લદાયેલા રહેતા બાળકોનાં વેકેશન પર માત્ર એમનો જ અધિકાર છે. એટલે વેકેશનમાં બાળકોની વચ્ચેના પડતાં એમને એમની મનગમતી રીતે વેકેશન માણવો દો.

- hellosanjay108@gmail.com

સમાચાર ઝલક

- અંબાજીમાં સાધુ દ્વારા બે બાળકોના અપહરણનો પ્રયાસ : ચોમેરથી ફીટકાર.
- દેશમાં પુરૂષોની સામે મહિલાઓની સંખ્યા ઓછી છે, પરંતુ પંજાબના બિજલીપુર ગામનો કિસ્સો અનોખો છે : અહીં દર ૧૦૦૦ પુરૂષોએ મહિલાની સંખ્યા ૧૮૦૦ છે.
- એર ઇન્ડિયાની વિમાની સેવા આજે અંશતઃ ખોરવાઇ છે.
- પ્લાસ્ટિક બેગ ઉપર પ્રતિબંધની વિચારણા.
- ફ્રાંસના નવા રાષ્ટ્રપતિ ફ્રાં સુઓ ઓલાંદ.
- હાર્ટએટેકથી ચેતવણી આપી શકે તેવું સ્ત્રીઓ માટે વસ્ત્ર.
- ગુજરાતના જેલ વડા શ્રી પી.સી.ઠાકુરની હૃદયસ્પર્શી દલીલોથી ઇંગ્લેન્ડની અદાલત પ્રભાવિત.
- નોઇડાની અન્ના હજારેની ઓફિસ પર તસ્કરો ત્રાટક્યા : દસ્તાવેજોની ચોરી.
- ગુલબર્ગકાંડ : સીટનો ૨૫,૦૦૦ પાનાનો અહેવાલ જાકિયા જાફરીને સોંપાયો.
- રાજકોટના ડો. પ્રો. જનકભાઇ દવેની સ્મશાન યાત્રામાં તેમના પત્ની જોડાયા : પતિને અગ્નિદાહ આપી સમાજમાં એક નવો દાખલો બેસાડયો.
- ગુજરાત વિધાનસભા ૨૦૧૨ની ચૂંટણીમાં નાણાંની ઢેરાફેરી રોકવા ચૂંટણીપંચ સજ્જ.
- શિક્ષણકાર્યના ચાલુ દિવસોમાં શિક્ષકોને ચૂંટણી સહિત અન્ય કાર્યોમાં ફરજ સોંપી શકાય નહીં : સુપ્રિમ.
- નોકરી બદલતા સમયે પી.એફ.નો એકાઉન્ટ નંબર જાળવી શકાશે.
- સુવર્ણકારોનો વિજય : એકસાઇઝ ડયુટી પાછી ખેંચાઇ : આતિશબાજ કરાઇ.
- ઇઝરાયેલના વિશ્વ કૃષિ મેળામાં ગુજરાતના પ્રતિનિધિઓ જોડાશે.
- ઉનાઇ ગામે મંદિરને તાળાં મરાતા આક્રોશ.
- ઉધનાની ન્યૂ મોડેલ સ્કૂલના મહિલા ટ્રસ્ટી-ક્લાર્ક લાંચ લેતા ઝડપાયા.
- ભાયલી નજીક જવેલર્સ પર હુમલો : ૧૧ લાખની લૂંટ.
- હાલોલ-પાવાગઢ રોડ પર ભંગારના બે ગોડાઉનોમાં ભીષણ આગ.
- વડોદરાના તરસાલી વિસ્તારમાં પિતાએ આઇસ્ક્રીમ ન ખવડાવતાં પુત્રીએ ગળે ફાંસો ખાધો.
- મૂળ દ્વારકામાં ત્રણ વ્હેલને મુક્ત કરાઇ.
- કાંકરેજના ભલગામ ટોલ ટેક્સ પાસે રૂા. ૬ લાખની લૂંટથી ચકચાર.
- ભચાઉની ધરા ૩.૭ની તીવ્રતાના આંચકાતી ધ્રુજી : અન્ય ૫ કંપન.
- ભૂજ, ગાંધીધામમાં કાળા કાચ ધરાવતા ૧૮૨ વાહન દંડાયા.
- ભૂજ નજીકની હોટલ પર મોડી રાત્રે સશસ્ત્ર ટોળકીએ ધાડ પાડી.

કૃષિ મેળામાં દિયોદર ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડવા થરા માર્કેટ યાર્ડના ચેરમેન અણદાભાઈની હાંકલ

પાલનપુર, તા. ૮

બનાસકાંઠા જિલ્લામાં દિયોદર ખાતે આગામી તા. ૧૦મીએ કૃષિ મેળાના ઉદ્‌ઘાટનમાં રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મંત્રી મંડળના સભ્યો પધારનાર છે. અત્રે રાજયભરમાંથી ખેડૂતો - પશુપાલકો આવવાના છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને દિયોદર ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડવા દરાખતીવાડી ઉત્પાદક બાજાર સમિતિના ચેરમેન અને ખેડૂતો અગ્રણીશ્રી અણદાભાઈ પટેલે હાંકલ કરી હતી.

ત્રણ દિવસ સુધી યોજાનાર રાજ્યકક્ષાના કૃષિ મેળામાં ખેતીને લગતા તમામ સાધનો, ખાતર, પાક સિંચાઈ અંગે તજજ્ઞો - કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ગુજરાત કૃષિ યુનિવર્સિટી સરદાર કૃષિનગર અને કૃષિ વિભાગ - ગાંધીનગર દ્વારા તડામાર તૈયારીએ યોજાઈ રહી છે.

કોર કમિટિની રચના

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થપાય તે માટેની એક કોર કમિટીની રચના રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે.

રાજય સરકારે ઉદ્યોગ કમિશનરના અધ્યક્ષપદે રચેલી કોર કમિટીની સમિતિમાં સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમીકલ્સ રીસર્ચના નિયામક મહેસુલ વિભાગના અધિક સચિવ, ઉદ્યોગ ખાણ વિભાગના નાયબ સચિવ, કેન્દ્ર સરકારના નાયબ સોલ્ટ કમિશનર, સહીત મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલ ૭ જેટલા લોકોનો આ કમીટીમાં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

આ કમીટીએ જરૂર જણાય ત્યાં સોલ્ટ વર્કસ અન સોલ્ટ આધારિત ઔદ્યોગિક એકમોની મુલાકાત લેશે તેમજ મીઠાનું ગુણવત્તા સાથે ઉત્પાદન વધારવા અને મીઠા આધારિત મુલ્ય વૃદ્ધિના ઉદ્યોગ સ્થપાય તે માટે રાજય સરકાર દ્વારા યોગ્ય પગલા લેવા માટે ત્રણ માસમાં ભલામણ કરવાની રહેશે. આ ભલામણોનો એમ્પાવર્ડ કમીટી સમક્ષ યોગ્ય વિચારણા માટે રજુ કરવાની રહેશે.

એક માળ ઉંચી સીડીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ જ બેંકમાં બે લીફટની વ્યવસ્થા તો છે જ! પરંતુ મેઈન બ્રાંચના ફલોર પર જ દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. આ દરવાજા ખૂલી જાય તો પણ મુશ્કેલીઓ ટળી જાય. વારંવાર રજૂઆત કરતાં ઉપરી અધિકારીઓ અને વહીવટદારો આ વાત ધ્યાને લેતાં નથી તથા સખત શબ્દોમાં એક જ વાત કરે છે કા સિકયુરીટીને ધ્યાનમાં રાખી અને અમને તકલીફ ન પડે તે માટે આ પહેલા માળની લીફટ પાસેના દરવાજા બંધ કરી દઈએ છીએ.

જો સીકયુરીટીની જ વાત હોય તો મેઈન બ્રાંચમાં પહોંચવા માટે બીજી કોઈ વ્યવસ્થા કરવી જોઈએ અથવા તો સીકયુરીટી વધારવી દેવી જોઈએ અને મેઈન બ્રાંચમાં પહોંચવા માટેના દરવાજા ખુલ્લા કરી દેવા જોઈએ.

આમ નેશનલ બિલ્ડીંગ કોડ પ્રમાણે કોઈ પણ જાહેર સરકારી તેમજ ખાનગી ઓફિસો અને મકાનોમાં પહોંચવા માટે સીનીયર સીટીઝન, તેમજ વિકલાંગ વ્યકિતઓ માટે તેના નિયત પ્રમાણેના રેમ્પ, રેલીંગ, કાઉન્ટર તેમજ લીફટ અને પાર્કીંગની પણ અલાયદી વ્યવસ્થા ફરજિયાત હોવી જ જોઈએ. મેઈન એન્ટ્રસ પાસે અમુક પાર્કીંગ આવી વ્યકિતઓ માટે રીઝર્વ રાખવું જોઈએ.

ગાંધીનગરની બધી જ સરકારી ઓફિસો ચાહે તે સચિવાલય હોય, કલેકટર ઓફિસ હોય ટાઉનહોલ દરેક જગ્યાએ સિનિયર સિટીઝન અને વિકલાંગ વ્યકિતને સરળતાથી હરીફરી શકાય તેવી વ્યવસ્થા છે જ તો પછી શહેરની આ મોટી બેંકમાં સિનિયર સિટીઝનો અને વિકલાંગો માટે વ્યવસ્થા ગોઠવાવી જોઈએ.